ગાંધીનગર સમાચાર
તા. ૪-૧૨-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

# 'અંતે તો હેમનું હેમ હોયે...'

આપણી ભાષામાં કહેવત છે : ડાંગે માર્યાં પાણી જુદાં થતાં નથી. મહારાષ્ટ્રમાં ભારતીય જનતા પાર્ટી અને શિવસેનાને લડી-બાખડીને પાછાં ભેગાં થવું પડ્યું, તે આ કહેવતને સાચી ઠેરવે છે એમ નથી લાગતું? ભાજપ અને શિવસેના બેઉ હિંદુત્વ અને રાષ્ટ્રવાદની વિચારધારાનું સામ્ય ધરાવતી રાજકીય પાર્ટીઓ છે. મુંબઇ અને મહારાષ્ટ્ર પૂરતો પ્રાદેશિકતાનો વધારાનો ગુણ (?) ધરાવતી બાળાસાહેબ ઠાકરેની શિવસેનાએ કોંગ્રેસ સામે કાઠું કાઢ્યું અને એકવાર તો રાજય સરકારની ધુરા પણ સંભાળી. શિવસેના અને એના પર્યાયવાચી નામ જેવા એના સંસ્થાપક-આજીવન પ્રમુખ બાળાસાહેબ ઠાકરે કટ્ટર હિંદુત્વના સમર્થક રહ્યા છે. એમણે મરાઠી માણૂસને પણ આગવી ઓળખ આપી છે. રજત શર્માની લોકપ્રિય ટીવી શ્રેણીમાં 'આપ કી અદાલત' કાર્યક્રમમાં એમણે બિન્દાસ કહેલું કે પોતે કોર્ટ-બોર્ટથી ડરતા નથી. વળી મૂળે કાર્ટૂનિસ્ટ હોઇ તેઓ 'બિટવિન ધિ લાઇન્સ' વાંચી શકતા હોઇ મહારાષ્ટ્રના આમ નાગરિકનું માનસ અને હૃદય જીતી શક્યા હતા. ઉદ્ધવ ઠાકરેનો પનો પિતાની સરખામણીએ ઘણો ટૂંકો પડતો હોવા છતાં એમને એનડીએ જોડાણમાં મહારાષ્ટ્ર પૂરતા 'મોટા ભાઇ'નો રોલ અદા કરવાની જીદ ચાલુ રાખી જે બદલાયેલા સંજોગોમાં મોદી-મેજિકની અસર હેઠળ ભાજપ સ્વીકારી શકે એમ નહોતું. આથી બેઉ પક્ષો બેઠકોની વહેંચણીમાં સમાધાન ન સાધી શક્યા પરંતુ પરિણામ પછી શિવસેનાને એની હેસિયતનો અંદાજ આવી ગયો અને એણે પોતાનું વજૂદ જાળવી રાખવા ભારતીય જનતા પાર્ટીના 'નાના ભાઇ' બનવાની તૈયારી દાખવવી પડી છે. ભાજપે શિવસેનાની બેહૂદી અને અપ્રમાણસરની માગણીઓ સ્વીકારવાનો ઘરાર ઇનકાર કરી દીધા પછી પણ શિવસેના કેન્દ્રમાં મળેલું પ્રધાનપદું છોડવા તૈયાર ન થઇ અને મુખ્યમંત્રી ફડણવીસના મંત્રીમંડળમાં ઉપમુખ્યમંત્રીપદ તથા ગૃહમંત્રાલય જેવી માગણી નહીં સંતોષાવા છતાં કેબિનેટમાં ૧૨ મંત્રીપદ મેળવવાની શરતે સહમત થવું પડ્યું છે. શિવસેના માટે એની કારકિર્દીનો આ યાદગાર બોધપાઠ છે તો વળી ભાજપ માટે પણ શિવસેનાને પાંચ કેબિનેટ અને સાત રાજયકક્ષાનાં મંત્રીપદાં પધરાવી સાથે રાખવા માટે ખાસી જહેમત ઉઠાવવી પડી છે. મોદીમેજિકથી અંજાયેલા વિચક્ષણ મરાઠા નેતા શરદ પવારે આગોતરું અને બિનશરતી સમર્થન આપી રાખ્યું હોવા છતાં એ કયારે ટેકો પાછો ખેંચી લે, એનું કશું જ નક્કી નહીં હોવાથી મહારાષ્ટ્રમાં ભાજપની લઘુમતી સરકારના માથે લટકતી તલવાર જેવી સ્થિતિ સરજાઇ હતી. હવે જયારે શિવસેનાના મંત્રીઓ સરકારમાં સામેલ થઇ રહ્યા છે ત્યારે એની સ્થિરતા સામે કોઇ જોખમ રહેતું નથી, એટલું જ નહીં, બલકે કેન્દ્રમાં પણ શિવસેનાના બે-ત્રણ મંત્રીઓનો સમાવેશ થતાં ઘીના ઠામમાં ઘી પડી રહ્યું છે. એક અર્થમાં બેઉ પક્ષો માટે આ સમાધાનકારી પગલું પરસ્પરના હિતમાં જ લેવાયેલું પગલું છે. અલબત્ત, હવે પછી બેઉ પાર્ટીઓ બાખડતાં પહેલાં બે વાર વિચાર કરશે એ નક્કી!

આદિકવિ નરસિંહ મહેતાના પરભાતિયાની કડી યાદ આવે છે -

**ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં**
**અંતે તો હેમનું હેમ હોયે !**



પ્રેરણા વિદ્યાલય સેકટર-૫ ખાતે ફાયર સેફટી વિશેનું માર્ગદર્શન ચીફ ફાયર ઓફિસર મહેશ મોઢ દ્વારા વિદ્યાર્થીઓને આપવામાં આવ્યું હતું. બાળકોને પ્રાથમિક રીતે આગને કઈ રીતે ઝડપથી કાબુમાં લઈ શકાય તે વિશેની સમજ આપવામાં આવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# સાઈ સ્પોર્ટસ ખાતે સ્ટેટ કબડ્ડી સ્પર્ધા યોજાઈ

## ભાઈઓ અને બહેનોની અલગ અલગ જિલ્લાની ૧૨ ટીમો એ ભાગ લીધો : ભાઈઓની ફાઈનલમાં ગાંધીનગર શહેર અને બહેનોની ફાઈનલમાં વ્યારા જિલ્લાની ટીમ વિજયી

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર કબડ્ડી




એસોસિએશન દ્વારા ગુજરાત સ્ટેટ કબડ્ડી સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ભાઈઓ અને બહેનોની બાર જિલ્લાની ટીમોએ ભાગ લીધો હતો. ભાઈઓની ફાઈનલ ગાંધીનગર અને બહેનોની ફાઈનલ મેચમાં વ્યારા જિલ્લાની ટીમ વિજેતા બની હતી.

કબડ્ડી ગુજરાતની રાજય રમત છે. ત્યારે કબડ્ડી રમતનો વ્યાપ વધે તે માટે ગાંધીનગર શહેર કબડ્ડી એસોસિએશન કટિબધ્ધ છે. ત્યારે એસોસિએશને સ્ટેટ કબડ્ડી સ્પર્ધાનું આયોજન સે-૧૫ સ્થિત સાંઈ સંકુલ ખાતે કર્યું હતું. સ્પર્ધાનો શુભારંભ અશોક ભાવસાર ચેરમેન ગુડા, મહેન્દ્રસિંહ રાણા મેયર ગાંધીનગર, આર.કે. નાયડુ, ડાયરેકટર સાંઈની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો.

સ્ટેટ કબડ્ડી સ્પર્ધામાં બહેનો અને ભાઈઓની ૧૨ જેટલી અલગ અલગ જિલ્લાની ટીમોએ ભાગ લીધો હતો. ૪૫૦ થી વધુ ખેલાડીઓએ સ્પર્ધામાં પોતાનું કૌવત બતાવ્યું હતું ત્યારે ભાઈઓની ફાઈનલ સ્પર્ધા ગાંધીનગર શહેર ટીમ અને વડોદરા શહેર ટીમ વચ્ચે યોજાઈ હતી. જેમાં ગાંધીનગર જિલ્લા ટીમ વિજેતા બની હતી. તેમજ બહેનોની ફાઈનલ મેચમાં વ્યારા જિલ્લાની ટીમ અને વડોદરા શહેર ટીમ સામ સામે ટકરાઈ હતી. જેમાં વ્યારા જિલ્લાની ટીમનો ભવ્ય વિજય થયો હતો. વિજેતા ટીમોમાંથી ગુજરાતની ટીમ પસંદ થશે જે આગામી સમયમાં કેરાલા ખાતે યોજાનાર નેશનલ સ્પર્ધામાં ભાગ લેશે.

નેશનલ અને ઈન્ટરનેશનલ પ્લેયર નીરગુલીયા, અશીયાડ ગોલ્ડ મેડાલીસ્ટ અને અર્જુન એવોર્ડ વિજેતા નાગાભાઈ ઘાંઘરે એ ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. સ્પર્ધાનું આયોજન કબડ્ડી એસોસિએશનના પ્રમુખ રાજેન્દ્રસિંહ કાઠીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## હરિની દૃષ્ટિ...



લો.. 'પાઠ્ય પુસ્તકમાં તેત્રીસ પાના ગાયબ'.... એટલે આપણા ચિરંજીવને આ વખતે પાસ થવું પણ મુશ્કેલ પડશે...

# ૨૫૦૦ ગરીબ બાળકોને આરટીઈ હેઠળ પ્રવેશ

અમદાવાદ શહેરની વિવિધ શાળાઓમાં નબળા વર્ગના વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવી શકે તે માટે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જે અંતર્ગત શહેરની વિવિધ શાળાઓની બેઠકો અને ફીના ધોરણઅંગેની માહિતી જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા માંગવામાં આવી છે. જો કે, ડીઈઓએ ગત એકઠા કરેલ ગત વર્ષના આંકડા મુજબ શહેરની ૭૦૦ સ્કૂલોમાં માત્ર ૬૪૦ વિદ્યાર્થીઓને જ આરટીઈ હેઠળ પ્રવેશ આપવામાં આવ્યો હતો. અમદાવાદ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા આગામી શૈક્ષણિક વર્ષથી શહેરની ૭૦૦ જેટલી શાળાઓમાં કુલ ૨૫૦૦ જેટલા ગરીબ વિદ્યાર્થીઓને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ આપવાનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા આરટીઈ અંતર્ગત નબળા વર્ગના વિદ્યાર્થીઓને સારી શાળાઓમાં અને તેમના ઘરની નજીની શાળાઓમાં પ્રવેશ આપવાનું ફરજિયાત બનાવવામાં આવ્યું છે. જો કે સત્ય એ છે કે, ગત વર્ષે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શહેરની સાળામાં ૨૦૦૦ જેટલા બાળકોને આરટીઈ હેઠલ પ્રવેશ આપવાનું આયોજન કરવામાં આવ્યું હતું. સામે માત્ર ૬૪૦ વિદ્યાર્થીઓને જ પ્રવેશ આપવામાં આવ્યો છે. ઓછા પ્રવેશ અંગે તંત્ર દ્વારા વિદ્યાર્થીઓની લાયકાત-ધારાધોરણને જવાબદાર ઠેરવવામાં આવ્યા હતા.

# કુટુંબ નિયોજન પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા. ૩

યુવા વર્ગની અપેક્ષિત કુટુંબ નિયોજન સેવાઓની વિતરણ વ્યવસ્થા પર વિચાર વિમર્શ અને નીતિ વિષયક બાબતો માટે 'રાજ્યકક્ષાએ કુટુંબ નિયોજન અને યુવાનોની વણ સંતોષાયેલી જરૂરિયાત અંગે સમપરામર્શ' વિષય પર સેમિનાર યોજાયો હતો.

ફેમીલી પ્લાનીંગ એસોસીએશન ઓફ ઈન્ડિયા ૧૯૪૯ થી કુટુંબ નિયોજન અને એચ.આઈ.વી. સહિતના જાતીય અને પ્રજનન સ્વાસ્થ્ય અને અધિકારો ક્ષેત્રે કામ કરતી એક રાજ્ય સ્તરની સ્વૈચ્છિક સંસ્થા છે. તે ભારતના ગુજરાત સહિત ૧૮ રાજ્યોમાં ૪૪ શાખાઓ દ્વારા તેમની સેવા આપે છે અને એચ.આઈ.વી. અને એઈડ્સ સહિત જાતિય અને પ્રજનન સ્વાસ્થ્ય અને અધિકારો પર હિમાયત કરે છે. અમો ગ્રામીણ અને શહેરી બંને સમુદાયોમાં સેવા આપવામાં આવે છે.

રાષ્ટ્રીય પરિવાર કલ્યાણ કાર્યક્રમની અસરકારક કામગીરીનું પરિણામ હકારાત્મક અને પ્રગતિકારક છે. આમ છતાં વર્તમાન અભિગમમાં બદલાવ વધુ અસરકારક તેમજ ઝડપી પ્રગતિલક્ષી - રાષ્ટ્રીય નિતી વિષયક નિર્ણયોની તાતી જરૂરીયાત છે. લાંબાગાળે ભારતની વસતિ ચીન કરતાં વધી ન જાય તે માટે યુવાવર્ગની અપેક્ષિત કુટુંબ નિયોજન શિક્ષણ અને સેવાઓ અંગે ગંભીર વિચારણા અનિવાર્ય છે.




# ચિલોડાની ઓમ લેન્ડમાર્ક શાળામાં જ્ઞાનયજ્ઞ શિબિર

ગાંધીનગર તાલુકાના ચિલોડા ખાતે આવેલ ઓમ લેન્ડ માર્ક સ્કુલ ખાતે જ્ઞાનયજ્ઞ શિબિર યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓ તેમના વાલીઓ સહિત ઉપસ્થિત રહ્યા હતાં. આ શિબિરમાં માઈન્ડ પાવર નિષ્ણાત નક્ષત્ર મેઉવાએ વિદ્યાર્થીઓ-વાલીઓની શિક્ષણ પ્રત્યેની મુશ્કેલીઓ અને મુંઝવણો અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે ઓમ એજયુકેશનના મેનેજીંગ ટ્રસ્ટી ગિરીશભાઈ રાવલે પણ પ્રેરક ઉદબોધન કર્યું હતું. આ શિબિરનો વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી લાભ લીધો હતો. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

# જ્ઞાનનો પટ તો અતિ વિસ્તૃત છે, જયાંથી જેટલું મળે તેટલું જ્ઞાન - પ્રાપ્ત કરી તેને વ્યવહારિક જીવનમાં ઉતારવું એ જ સત્યનો માર્ગ છે અને જે સત્યના માર્ગે ચાલે છે તેનો પરાજય થતો નથી

## સંસ્કાર ચિંતન

- અનંત ન. વ્યાસ

તસ્યૈ તપોદમ કર્મેતિ પ્રતિષ્ઠા, વેદાઃ સર્વઅડ્ડુપનિ સત્યમાયતનમ્ ।

આત્મસંયમ, મનોનિગ્રહ તથા અનાસક્ત ભાવે કરાયેલા કર્મો - આ સૌ ધર્મના મૂળભૂત આધારો છે. વેદોમાં આ બ્રહ્મ વિદ્યાનું વર્ણન છે. આ વિદ્યાર્થી પરમ-સત્ય એવા પરમાત્માને પામવાનું એક માત્ર લક્ષ્ય છે.

એક અન્ય અનુવાદમાં વેદોને ધર્મના મૂળ તથા ઉપનિષદોને સત્યનું આશ્રય સ્થાન પણ કહેલ છે. કોઇ પણ રીતે વિચારીએ તો પણ આપણા સાંસ્કૃતિક અસ્તિત્વનો આધાર આપણો ધર્મ જ છે. ધર્મ સંપ્રદાયોમાં સમાતો નથી કે બાહ્ય દેખાવથી વૃદ્ધિ પામતો નથી. ધાર્મિકતા એટલે દેખાવ નહિ પણ વિચાર-પૂર્વક માનવ-જીવનને યોગ્ય રીતે પસાર કરવાનો માર્ગ, સામાન્યતઃ આપણે સૌ કોઇ એક પ્રકારના વિશ્વાસના આધાર પર જ માર્ગનો નિર્ણય કરીએ છીએ. કથાઓ, વાર્તાઓ, શ્રવણ, તથા સત્સંગ - આ તમામ આપણાં મનમાં વિશ્વાસ પેદા કરવાના સાધનો છે. ઘણી વખત આવો વિશ્વાસ અંધ વિશ્વાસ કે માન્યતામાં પરિણમે છે. આપણે ત્યાં ઉજવાતા તથા માન્યતા પ્રાપ્ત ઘણાં વ્રતોને ધર્મ સાથે કશી લેવાદેવા નથી. પુરાણોમાં આવેલી કાલ્પનિક કથાઓને કારણે આવા વ્રતો પ્રચલિત બને છે અને રૂઢિ કે પછી પરંપરા પ્રમાણે ચાલતા રહે છે. તેની પાછળના સત્યનું કોઇ અન્વેષણ કરતું નથી આનુ કારણ ડર અથવા તો પ્રલોભન હોય છે. આપણાં કૃત્યો બદલ સ્વર્ગ કે નરક પ્રાપ્ત થશે તેવું કહેવામાં આવે છે. આ જગતમાં સુખ અને દુઃખ પમાડનાર જે કંઇ છે તે તમામ પદાર્થો કે પરિસ્થિતિ ભૌતિક રીતે પરલોકમાં મળશે તેમ સૌ માને છે. કર્મનો કાયદો પણ માત્ર ડર જ પેદા કરે છે. ખરેખર તો ધર્મનો પાયો વિચાર હોવો જોઇએ. આ મંત્રમાં આ વાત સારી રીતે કહેવાઇ છે. ડર કે પ્રલોભન વડે ધર્મ કયારેક વૃદ્ધિ પામતો નથી પરંતુ સંપ્રદાયોમાં જ વિભાજીત થયો જાય છે. વિજ્ઞાનના પાયામાં વિચાર જેમ હોય છે તેમ ધર્મમાં પણ હોવું જોઇએ, વિજ્ઞાન કોઇ પણ બાબત પર વગર વિચાર્યે વિશ્વાસ મુકતું નથી. ગહન વિચારણા પછી જ સત્ય તરવાય છે. સમયાંતરે નવાં નવાં સંશોધન થતાં તેમાં ફેરફાર અવશ્ય થાય છે. તેથી વિજ્ઞાન જીવંત રહે છે. ધર્મમાં પણ તત્ત્વ વિચારણાં અવારનવાર કરી નવું સંશોધન થવું જોઇએ. માત્રને માત્ર વિશ્વાસ પર ચાલતો ધર્મ તો વારંવાર પાખંડીનું આશ્રયસ્થાન બનતો રહે છે. આ મંત્રમાં ધર્મના જે ત્રણ આધાર દર્શાવાયા છે તે વિચાર પર ટક્યા છે. કદાચ પરિભાષા જૂની લાગશે પણ અર્થઘટન તો આધુનિક સંદર્ભમાં થઇ શકે છે. કારણ આપણે ધર્મને જીવન-જીવવાનો યોગ્ય માર્ગ માન્યો છે.

મંત્રમાં 'તપ' ને પ્રથમ સ્થાન અપાયું છે. 'તપ' શબ્દ જૂનો છે. તેનો પૌરાણિક અર્થ આજના સંદર્ભે અશક્ય છે. અર્વાચીન દૃષ્ટિએ વિચારીએ તો 'તપ' એટલે કોઇ પણ ઉચ્ચ ધ્યેય પ્રાપ્ત કરવા માટે, ઇષ્ટ-પદાર્થની પ્રાપ્તિ માટે કરવામાં આવતા પ્રયત્નો, વિચારપૂર્વક કરાયેલા પ્રયત્નો તપ જ છે. વૈજ્ઞાનિકો આ અર્થમાં તપસ્વીઓ છે. એ કોઇ વ્યક્તિનું અનુસરણ કે અનુકરણ કરતા નથી. માત્ર વિચારને જ ધ્યાનમાં લે છે. વિચાર-વિનાનું અનુસરણ તો ઘેટા-વૃત્તિ ગણાય. સ્વજાતથી માંડી સમાજ સુધીમાં જયાં અસદ્ દેખાય ત્યાં સંઘર્ષ કરી સત્યની સ્થાપના કરવી તે જ આ યુગમાં તપની પરાકાષ્ઠા છે.

'સા પારાકાષ્ઠા - સા પરાગતિ'

'તપ' પછીનો શબ્દ 'દમ' છે. 'દમ' યોગશાસ્ત્રનો શબ્દ છે. તેનો સામાન્ય અર્થ ઇન્દ્રિય - નિગ્રહ થાય - પણ આધુનિક સમયમાં તેનો મુખ્ય - અર્થ મનને કેન્દ્રિત કરવું તેવો કરી શકાય. દરેક કાર્યની સફળતાનો આધાર મન પર છે. મન કાબુમાં હોય તો પ્રગતિ માર્ગ પર આગેકૂચ થઇ શકે. નિયંત્રિત મન ગમે તેવી પરિસ્થિતિમાં માર્ગ કાઢી શકે છે. જો મન એક ધ્યેય કે લક્ષ્ય પરત્વે નિશ્ચિત ન હોય તો જીવન વેડફાઇ જાય. તરંગોમાં રાચતું મન કર્મમાં એક પ્રકારની શીથીલતા લાવે છે. કર્તાને દીર્ઘસૂત્રી બનાવે છે અને કર્મોમાં સંશયો પેદા કરે છે. ગીતા તો સ્પષ્ટ કહે છે. 'સંશયાત્મા વિનશ્યતિ', 'દમ' કારણે ધર્મનો પાયો મજબૂત બને છે. અને કર્મ પરત્વેની નિષ્ઠાને તો ચારે - યુગમાં માન્યતા મળી છે. આપણું કર્મ અતિ શુદ્ધ ને નિયમિત હોવું જોઇએ. જે જગ્યા પર છીએ તે જગા માટે નિશ્ચિત થયેલી જવાબદારી વફાદારીપૂર્વક બજાવવી જોઇએ. ધર્મનો અર્થ કર્તવ્ય કર્મોમાં રૂકાવટ કરવાનો ન હોઇ શકે. વિનોબાજી તો કહેતા - તમારા દરેક કર્મ જો ભાવપૂર્વક પ્રામાણિકતાથી થતા હોય તો તમો સાચા ધાર્મિક જ છો.

મંત્રમાં અતિ મહત્ત્વનો - બીજો વિભાગ છે આપણા ધર્મને વૈદિક-ધર્મ કહેવામાં આવે છે. અર્થાત આપણા ધર્મ અંગેની માન્યતાઓ, સિદ્ધાંતો તથા તેના લગતા ક્રિયાકાંડોનું વેદોમાં વિસ્તૃત પણે નિરૂપણ કરવામાં આવ્યું છે. વેદોમાં જે વિદ્યા વર્ણવાયેલી છે તે બ્રહ્મ-વિદ્યા ગણાય છે. બ્રહ્મ પ્રાપ્તિ અથવા તો મોક્ષ તે દ્વારા મળે છે. વેદોનો અભ્યાસ જીવનના ચોક્કસ ધ્યેય પરત્વે દોરી જાય છે. આજે આપણે વેદોની ભાષા તથા તેના યોગ્ય અર્થો પામી શકતા નથી. પરિણામ - સ્વરૂપે જે જ્ઞાન મળવું જોઇએ તે મળતું નથી. જ્ઞાનને બદલે અપૂર્ણ માહિતી દ્વારા આપણા મન ભરી દેવામાં આવે છે. આજનું બાળક તથા આધુનિક જીવન ઘણાં પ્રશ્નો ઊઠાવે છે પણ તેનો સંતોષકારક જવાબ આપણી પાસે હોતો નથી કારણ મૂળભૂત ગ્રંથો આપણે વાંચતા નથી. જો વેદ તથા તેની સંગાથે ઉપનિષદોનો અભ્યાસ થાય તો આપણે સત્યની વધારે નજીક જઇ શકીએ. ઉપનિષદોને તો સત્યનું જ આશ્રય-સ્થાન કહ્યા છે. ઉપનિષદનો પ્રથમ મંત્ર છે સત્યં વદ. અને આપણે જોઇએ છીએ કે આપણામાંના ઘણા લોકોના જીવનમાંથી આ ચાલ્યું ગયું છે. 'સત્યનો જય થાય છે તેમ કહીએ ખરા - પણ આપણો પરાજય કેમ થયો તે યાદ નથી કરતા. જો કે ઉપનિષદો તો ધાર્મિકગ્રંથો ગણાય અને તેનું સત્ય તો માત્ર બ્રહ્મ છે. જયાં આત્મા વિષયક ચર્ચા કરવામાં આવી છે. આજે ઘણાને આ પ્રકારની ચર્ચા અપ્રસ્તુત લાગે છે. આત્મા કેવો છે, કયાં છે તેની લયમાં પડ્યા વિના આત્મિક બળ - અથવા તો આપણા પોતાની શ્રદ્ધા કે વિચારના બળ પર પોતાના જ પગ પર ઊભા રહેવાની શક્તિ કેળવવી જોઇએ. જ્ઞાનનો પટ તો અતિ વિસ્તૃત છે. જયાંથી જેટલું મળે તેટલું જ્ઞાન - પ્રાપ્ત કરી તેને વ્યવહારિક જીવનમાં ઉતારવું એ જ સત્યનો માર્ગ છે અને જે સત્યના માર્ગે ચાલે છે તેનો પરાજય થતો નથી. જગતગુરુ આદ્ય શ્રી શંકરાચાર્ય કહે છે કે સત્યનો વિજય એટલે જ સત્યવાદનો જય. આજે વિશિષ્ટ ક્ષેત્રોમાં જો જય - કે સ્થાન પ્રાપ્ત કરવું હોય તો 'અસદ્' ના શોર્કટકને છોડી સત્યનો માર્ગ અપનાવો. જરૂર તમો તમારા ગંતવ્ય સ્થાને પહોંચી જશો.'